નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ફરજ બજાવતાં મદદનીશ ઇજનેર, અધિક મદદનીશ ઇજનેર, વર્ક આસીસ્ટન્ટ,બીટ કારકુન, ટેકનીકલ આસીસ્ટન્ટને સુધારેલ પગારધોરણ, ૨૦૦૯ અન્વયે કાયમી મુસાફરી ભથ્થું (પી.ટી.એ.) મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ટીઆરએ-૨૭૨૦૦૦-૭-ગ.૨

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૨/૨૦૧૭

22 FEB 2017

વંચાણે લીધા:-

૧) ના.વિ.નો પરિપત્ર ક્રમાંકઃ મસભ/૧૪/૨૦૦૦/૧૮૦૯/ચ, તા.૨૬/૦૯/૨૦૦૦

૨) નર્મદા, જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો તા. ૦૯/૧૧/૨૦01 નો ઠરાવ ક્રમાંકઃ ટીઆરએ-૨૭૨૦૦૦-૭-ગ.૨

૩) ના.વિ.નો જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮)પીજીઆર/૧૦૦૯/૨/પે-સેલ(એમ), તા.૨૭/૦૨/૨૦૦૯

પ્રસ્તાવના:-

નર્મદા, જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ફરજ બજાવતાં મદદનીશ ઇજનેર, અધિક મદદનીશ ઇજનેર, વર્ક આસીસ્ટન્ટ,બીટ કારકુન, ટેકનીકલ આસીસ્ટન્ટને હાલ કાયમી મુસાફરી ભથ્થુ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ-૨ ના તા. ૦૯/૧૧/૨૦01 ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કર્મચારીઓ/અધિકારીઓ કે જેઓને ક્ષેત્રીય કામગીરી કરવાની ફરજના ભાગરૂપે કાયમી મુસાફરી કરવી પડતી હોય અને આવા ખર્ચને પહોંચી વળવા પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઇ કાયમી મુસાફરી ભથ્થાના દરોમાં સુધારો કરવા સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓની કચેરીઓ તથા સંબંધિત સંવર્ગના મંડળો તરફથી વિભાગને દરખાસ્ત મળેલ છે. આથી કાયમી મુસાફરી ભથ્થાના દરમાં સુધારો કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સદરહુ બાબતે કાળજીભરી પુખ્ત વિચારણાના અંતે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ફરજ બજાવતા મદદનીશ ઇજનેર, અધિક મદદનીશ ઇજનેર,વર્ક આસીસ્ટન્ટ,બીટ કારકુન,ટેકનીકલ આસીસ્ટન્ટને નીચેની વિગતો ધ્યાને લીધા બાદ હાલના કાયમી મુસાફરી ભથ્થાના દરો નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ ચોક્કસ શરતોને આધીન આથી નિયત કરવામાં આવે છે.

(અ) નિયત કરવામાં આવેલ એક માસના પ્રવાસના દિવસોની સંખ્યા

(બ) પ્રવાસ કરવાના સરેરાશ માસિક માઇલેજ

(ક) જે તે સમયે પ્રવર્તમાન દૈનિક ભથ્થાનો દર

(ડ) જે તે સમયે પ્રવર્તમાન માઇલેજ ભથ્થાનો દર

| સંવર્ગનું નામ | ૦૯/૧૧/૨૦૦૧ ના ઠરાવ મુજબના દર | આ ઠરાવથી સુધારેલ દર |
|---|---|---|
| મદદનીશ ઇજનેર | ૧૧૫૫/- રૂ. પ્રતિ માસ | ૨૧૭૫/- રૂ.પ્રતિ માસ |
| અધિક મદદનીશ ઇજનેર | ૧૦૨૦/- રૂ. પ્રતિ માસ | ૨૧૭૫/- રૂ. પ્રતિ માસ |
| વર્ક આસીસ્ટન્ટ | ૧૦૮૦/- રૂ. પ્રતિ માસ | ૨૯૧૩/- રૂ. પ્રતિ માસ |
| બીટ કારકુન | ૧૦૮૦/- રૂ. પ્રતિ માસ | ૨૯૧૩/- રૂ. પ્રતિ માસ |
| ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૦૮૦/- રૂ. પ્રતિ માસ | ૨૯૧૩/- રૂ. પ્રતિ માસ |

શરતો:-

૧) ઉપર જણાવેલ કાયમી મુસાફરી ભથ્થુ જે સંવર્ગો માટે નિયત થયેલ મુસાફરીના દિવસોમાં ફેરફાર થાય તો તેના પ્રમાણમાં ફેરફાર થવાને પાત્ર રહેશે.

૨) કાયમી મુસાફરી ભથ્થુ ગુજરાત મુલ્કી સેવા(મુસાફરી ભથ્થા) નિયમો-૨૦૦૨ , નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ મસભ/૧૪/૨૦૦૦/૧૮૦૯/ચ તા.૨૬/૦૯/૨૦૦૦ તથા નાણા વિભાગનો જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮)પીજીઆર/૧૦૦૯/૨/પે-સેલ(એમ), તા.૨૭/૦૨/૨૦૦૯ ની શરતોનુ ચુસ્ત પણે પાલન કરીને તેના આધિન કાયમી મુસાફરી ભથ્થુ આકારવાનું રહેશે.

3) કાયમી મુસાફરી ભથ્થાના આ સુધારેલ દરો નાણા વિભાગની ચકાસણીને આધિન રહેશે. તેથી આ સુધારેલ દરોમાં કોઇ ક્ષતિ રહેવા પામી હોય અને તેનાં કારણે દરોમાં ઘટાડો થતો હોય તો વધારાની ચુકવાયેલ રકમ વસુલાતને પાત્ર રહેશે. તે મુજબ સર્વે અધિકારી/કર્મચારી પાસેથી બાંહેધરી લેવાની રહેશે

૪) જે કર્મચારીનું કાર્યક્ષેત્ર તેના રોજીંદા કામકાજના સ્થળથી (મુખ્ય મથક) થી ૮ કિ.મી. ની ત્રિજયા બહાર હશે અને નિયત પ્રવાસના ધોરણો અનુસાર ક્ષેત્રિક કામગીરી અર્થે પ્રવાસ કરતાં હોય તેઓને જ કાયમી મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે.

૫) નિયત થયેલ માસિક પ્રવાસના દિવસો પૈકી ૮ કિ.મી. ની અંદર જેટલા દિવસ પ્રવાસ કરવામાં આવ્યો હોય તેટલા દિવસનું કાયમી મુસાફરી ભથ્થુ બાદ કરીને ચુકવવાનું રહેશે.

૬) કાયમી મુસાફરી ભથ્થુ મળતું હોય તેવા અધિકારી/કર્મચારીઓ જે સરકારી વાહનોનો નિભાવ ખર્ચ સરકાર ભોગવતી હોય તેવા વાહનોનો ઉપયોગ કરે ત્યારે તે દિવસ માટે તેઓને અર્ધા દિવસનું અર્થાત અડધા દરે કાયમી મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે તથા પૂરેપૂરુ દૈનિક ભથ્થું અધિકારી/કર્મચારીઓ ગુમાવશે

૭) આ ઠરાવ બહાર પડ્યા તારીખથી અમલમાં આવશે.

આ ઠરાવ આમુખ-૧ માં દર્શાવેલ નાણા વિભાગના તા.૨૬/૦૯/૨૦૦૦ ના પરિપત્રથી વિભાગને મળેલ સત્તાના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એલ. જી. મહીડા )
નાયબ સચિવ,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર
વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિભાગ હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ/ખાતાના વડાશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(જળસંપત્તિ),ના રહસ્ય સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ સચિવશ્રી(જળસંપત્તિ),ના રહસ્ય સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ ઠરાવ વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.